૪૦૧/૮,૦૨૨

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૧૨ જૂન, ૨૦૧૧)**

**(સમય : સવારે ૯ : ૦૦ થી ૧૧ : ૧૫)** **સત્સંગ પ્રવેશ - ૧**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** **(કુલ ગુણ : ૭૫)**

## વિભાગ - ૧ : નીલકંઠ ચરિત્ર - સત્તરમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૦

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''વળી, સાંજનું ટાણું છે એટલે પશુઓ પણ અહીં સરોવર તરફ પાણી પીવા આવતાં હશે.'' (૪૪)

૨. ''રોજ બપોરે જે જોઈએ તે ખાવાનું તૈયાર મળે છે.'' (૨૨)

૩. ''ગામબહાર જ્યાં આવું સ્થળ મળે ત્યાં આકાશની નીચે રહું છું.'' (૧૧)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. મુક્તાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીનું નામ સરજુદાસ પાડ્યું. (૯૫)

૨. નીલકંઠવર્ણીએ તોતાદ્રિમાં જિઅર સ્વામીને પ્રશ્ન કર્યો. (૬૪)

૩. હાટકેશ્વર મહાદેવની જગ્યામાં નાગર બ્રાહ્મણ અચરજ પામી ગયો. (૮૨)

**પ્ર.૩ નીચેના પ્રસંગોમાંથી કોઈ પણ <u>એક</u> પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

૧. નીલકંઠવર્ણી ગુજરાતમાં (૬૬) ૨. કાઠમંડુમાં રાજાને આશીર્વાદ (૩૧) ૩. ધર્મનો ઉપદેશ (૪૦)

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. ભરતકુંડ પાસે યુગો પહેલાં કોણે તપશ્ચર્યા કરેલી ? (૨૪)

૨. મહાદત્ત રાજા તથા તેમનાં બહેને નીલકંઠવર્ણીને ક્યાં ઊતરવા આગ્રહ કર્યો ? (૨૯)

૩. ઘાયલ લાખાએ હાથ જોડીને નીલકંઠવર્ણીને શું કહ્યું ? (૭૨)

૪. સૌ સંતો અને હરિભક્તોએ ધર્મધુરા યોગ્ય કોને કહ્યા ? (૧૦૮)

૫. જગન્નાથપુરીના પૂજારી નીલકંઠવર્ણીને શું આપતા ? (૪૮)

**પ્ર.૫ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૪]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સેવકરામ (૫૫-૫૬)

(૧) ☐ ભાગવતનો માત્ર કથાકાર હતો. (૨) ☐ નીલકંઠવર્ણીએ એક મહિના સુધી તેની ખૂબ સેવા કરી.

(૩) ☐ તેની પાસે એક હજાર સોનામહોરો હતી. (૪) ☐ નીલકંઠવર્ણીએ તેને કૃતઘ્ની જાણીને તેનો ત્યાગ કર્યો.

૨. નીલકંઠવર્ણીએ આશ્રમમાં કરેલી વિવિધ સેવાઓ (૯૫-૯૬)

(૧) ☐ છાણ વાસીદું વાળતા (૨) ☐ વાસણ ઊટકતા

(૩) ☐ સાધુઓને પાણી ખેંચી નવરાવતા. (૪) ☐ ભિક્ષા માગતા.

**પ્ર.૬ નીચે આપેલાં વિધાનોમાં ખાલી જગ્યા પૂરો.** [૪]

૧. જયરામદાસ નીલકંઠવર્ણીની જોડે .................. ની યાત્રાએ જવા તૈયાર થયો. (૪૮)

૨. રામાનંદ સ્વામીએ નીલકંઠવર્ણીને દીક્ષા આપીને સહજાનંદ તથા ......................... નામ પાડ્યાં. (૧૦૮)

૩. નીલકંઠવર્ણીએ .................. ગામમાં તેલંગી બ્રાહ્મણને માથે હાથ મૂકીને આશીર્વાદ આપ્યા. (૩૪)

૪. બ્રહ્મચર્ય ધર્મના સ્થાપનના પ્રથમ સોપાન તરીકે નીલકંઠવર્ણીએ .................... ની સભા નોંખી કરી. (૯૨)

## વિભાગ - ૨ : સત્સંગ વાંચનમાળા ભાગ-૧ - અગિયારમી આવૃત્તિ, જાન્યુઆરી - ૨૦૧૦

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''આપે જેમનાં દર્શન કર્યાં છે, તે સહજાનંદ સ્વામી પોતે.'' (૩૯)

૨. ''આજે દેવી હરિભગત થઈ.'' (૩૬)

૩. ''ઊગર્યાનો ઉપાય નથી.'' (૪૫)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૪]

૧. ઝીણાભાઈ ખુદાના આશક જીવ અને જિતેન્દ્રિય પુરુષ છે તેવી નવાબને પ્રતીતિ થઈ. (૨૩)

૨. લાડુદાનજીએ જીવનભર પ્રભુના ચરણોની ભક્તિ માગી. (૨, ૩)

**પ્ર.૯** 'ખૈયાની ભ્રાંતિ ભાંગી' (૫-૬) **- પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

(પાછળ જુઓ)

✂ - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - ✂

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને **''સત્સંગ પ્રવેશ-૧''** પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

| | તારીખ | | મહિનો | | વર્ષ | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પરીક્ષાર્થીની જન્મ તારીખ :- | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ | ☐ |

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે. (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)**

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૪]

૧. મહારાજે પંચાળામાં ફૂલદોલોત્સવ ક્યારે કર્યો ? (૨૬)
૨. નિર્ગુણ સ્વામી ક્યારે ધામમાં ગયા ? (સંવત, તિથિ) (૫૨)
૩. પુરુષોત્તમપુરામાં થયેલા નુકસાનને જોઈને સ્વામીશ્રીએ શું કહ્યું ? (૫૭)
૪. જીવુબા ક્યારે ધામમાં ગયાં ? (૪૨)

**પ્ર.૧૧ નીચે આપેલ વિષય માટે સૂચના મુજબ છ સાચા ક્રમ નંબર તથા તે સાચા ક્રમ નંબરને ઘટનાક્રમ પ્રમાણે ગોઠવો.** [૬]

**વિષય :- જોબનપગી (૩૧)**

**૧.** જોબન પગીએ ગદ્‌ગદ કંઠે શ્રીજીમહારાજની માફી માગી. **૨.** ''માત્ર એક ઇચ્છા છે, આપ અહીં અન્નકૂટનો ઉત્સવ કરો.'' **૩.** ''કાગળો વાંચું તો ઘેર જવાનો સંકલ્પ થાય અને સમાગમનું સુખ ન આવે.'' **૪.** શ્રીજીમહારાજે ડભાણમાં બહુ મોટો યજ્ઞ કર્યો. **૫.** જોબનપગીએ પોતાની જમીન મંદિર માટે આપી. **૬.** ''દેહની સેવાભક્તિ કરતાં ધનની સેવાભક્તિને હું અધિક ગણું છું.' **૭.** ભસ્મ ખૂટતાં જોબનનું પ્રાણપંખેરું ઊડી ગયું. **૮.** તમારો ભગત થશે તો તમે વગર ભલામણે સાચવશો. **૯.** સંતોના પ્રસંગથી જોબનપગીને અને એના ભાઈઓને પણ સત્સંગના થોડા સંસ્કાર લાગ્યા. **૧૦.** સરક છોડવા જાય છે, ત્યાં તો પ્રકાશનાં કુંડાળાં જોબને જોયાં. **૧૧.** જોબન પગીએ ચેતક ઘોડો ચોરવાનું નક્કી કર્યું. **૧૨.** સર્વમંગલસ્તોત્રમમાં 'હેમંતાચાર્યસ્તુતિપ્રીતાય નમઃ' એ નામ શ્રીજીમહારાજનો જોબન પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **(૧) ફક્ત સાચા નંબરો** | | | | | | |
| **(૨) યથાર્થ ઘટનાક્રમ** | | | | | | |

**સૂચના : (૧) ફક્ત સાચા નંબરોમાં તમામ છ નંબરો સાચા હશે તો જ ૩ ગુણ મળશે. (૨) યથાર્થ ઘટનાક્રમ પણ સંપૂર્ણ સાચો હશે તો જ ૩ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

**પ્ર.૧૨ નીચે આપેલા ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૪]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

ઉદાહરણ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :-** મોતીભાઈના દીકરા જેઠાભાઈને ખેતરમાં ફરતી વખતે વીંછી કરડવાથી ધામમાં ગયા. પછી શ્રીજીમહારાજ સાથે આવી મોતીભાઈને નારાયણ કહ્યા.

જવાબ :- **સ્વામી યજ્ઞપ્રિયદાસજી : આશાભાઈ**ના દીકરા **દેસાઈભાઈ**ને **ઘાસના બીડમાં કામ કરતાં સર્પ** કરડવાથી ધામમાં ગયા. પછી **ભગતજી મહારાજ** સાથે આવીને **આશાભાઈ**ને **જય સ્વામિનારાયણ** કહ્યા.

૧. **સદગુરુ દેવાનંદ સ્વામી :** 'તારા ઘરમાં ઊમરા પાસે કંકુના અગિયાર પગલાં પડશે તો સાચું માનજે.' (૧૫)

૨. **સ્વામી યજ્ઞપ્રિયદાસજી :** એક રાત્રે અચાનક સ્વપ્નમાં એમને ચતુર્ભુજ વિષ્ણુએ દર્શન દીધાં ને કહ્યું, ''કલ્યાણ જોઈતું હોય તો સ્વામિનારાયણ ભગવાનનો આશરો કરો.'' (૫૩)

૩. **ભક્તરાજ જીવુબા :** જીવુબાનાં બીજાં નામ નાનીબા, પૂર્ણિમાબા અને જયા હતાં. (૪૦)

૪. **સ્વામી નિર્ગુણદાસજી :** તેઓ વરતાલમાં હતા ત્યાં સુધી કોઈ સાધુ પ્રાગજીભગત કે યજ્ઞપુરુષદાસ વિરુદ્ધ બોલી શકે નહિ. (૪૭)

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર આશરે ૩૦ લીટીમાં નિબંધ લખો.** [૧૦]

૧. સર્વનાશ કરતી ક્રોધની જ્વાળાઓ (સ્વામિનારાયણ પ્રકાશ - જૂન - ૨૦૦૯, પા.નં. ૧૪ થી ૧૯)
૨. આદિવાસીઓના જીવનઘડતરમાં બી.એ.પી.એસ. (સ્વામિનારાયણ પ્રકાશ - એપ્રિલ - મે - ૨૦૧૧)
૩. સદ્‌ગુણ સાગર : પ્રમુખસ્વામી (સ્વામિનારાયણ પ્રકાશ - ડિસેમ્બર - ૨૦૦૯, પા.નં. ૪ થી ૬, ૯ થી ૧૩)

❊ ❊ ❊

**નોંધ :- આ પ્રશ્નપત્રમાંથી થોડા-ઘણા પ્રમાણમાં પ્રશ્નો તા. ૧૦ જુલાઈ, ૨૦૧૧ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો. મુખ્ય પરીક્ષામાં જવાબવહીમાં વધારાના પાના જોડીને તેમાં લખેલા ઉત્તર માન્ય ગણાશે નહિ.**